વડગામ કેશરબા જાડેજા વિધાસંકુલ ખાતે રક્તદાન કેમ્પ

માનવ સેવા એજ પ્રભુ સેવા અને આ જ સેવાના હેતુથી ચાલતા જન સેવા ચેરી ટેબલ ટ્રસ્ટ સંચાલિત મહારાણા ગ્રૂપ આયોજિત રક્ત દાન કેમ્પ યોજવામા કરવામા આવ્યું હતું. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,જેમા ૨૧૮ જેટલી લોહી ની બોટલો એકત્ર કરી બનાસ વોલન્ટરી બ્લડ બેક પાલનપુર ખાતે જમા કરવામાં આવ્યુ હતુ. રક્ત દાન કરનાર લોકોને ટ્રોફી તથા પ્રમાણપત્ર આપવા મા આવ્યાહતા. કાર્યે ક્રમ માં કેશર બા જાડેજા વિદ્યા સંકુલ વડગામ ના પ્રમુખ ડૉ. જસવંત સિંહ જાડેજા , એડવોકેટ એસ.પી.સોલંકી, બાવન આંટા રાજપૂત સમાજ ના અગ્રણી રૂપસિંહ ચૌહાણ તાલુકા ભાજપ પ્રમુખ પ્રવિણ સિંહ રાણા , ઉપ પ્રમુખ બાલકૃષ્ણ જીરાલા જિલ્લા પંચાયત સદસ્ય અશ્વિન સકસેના, મહંત ભાવપુરી મહારાજ, એડવોકેટ ભૂપત સિંહ, પુર્વે. સરપંચ ભગવાન સિંહ સોલંકી સહિત મહાનુભાવો, પદાધિકારીઓ, અગ્રણીઓ,કાર્યેકર્તાઓ, મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

પ્રાંતિજ ખાતે કોંગ્રેસની કારોબારી મીટીંગ યોજાઈ

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે કોંગ્રેસ ની કારોબારી ની મીટીંગ યોજાઈ હતી જેમા જિલ્લા પ્રમુખ સહિત તાલુકા પ્રમુખ કોંગ્રેસ કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા તો પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા ની ગેરહાજરી જોવા મળી હતી. પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન પાસે આવેલ મહાકાલી મંદિર ખાતે પ્રાંતિજ શહેર તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા કારોબારીની મિટીંગનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા આવનાર વિધાનસભા ની ચુંટણી લક્ષી સહિત ની ચર્ચાઓએ કરવામા આવી હતી તો આ મીટીંગ મા કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા ની ધરે હાજરી જોવા મળી હતી તો મીટીંગ મા કોંગ્રેસ જિલ્લા પ્રમુખ કમલેશભાઇ પટેલ, તાલુકા પ્રમુખ અમરીશ ભાઇ પટેલ, મહાવીર સિંહ બાપુ, પૂર્વ તાલુકા પ્રમુખ કાળુસિંહ, રેખાબેન સોલંકી, નીરૂબેન પટેલ સહિત કોંગ્રેસ કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા આ કારોબારી મીટીંગ મા પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા ની ગેરહાજરી અંગે જિલ્લા પ્રમુખ કમલેશભાઇ પટેલ ને પુછતા તેવોએ જણાવ્યુ કે આવતી કાલે ઓચિંતી મિટીંગ માટે નિર્ણય લઈ મીટીંગ બોલાવી છે અને મહેન્દ્રસિંહ બારૈયા તેમના ધર્મ પત્ની નો આજે જન્મ દિવસ હોય તેવો આજે પરિવાર સાથે કુળદેવી ના દર્શન કરવા ગયેલા છે જેથી તેવો આજે હાજર રહી શક્યા નથી

ખેડબ્રહ્માની આરડેકતા કૉલેજમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઊજવણી

સાબરકાંઠા ના ખેડબ્રહ્મા ખાતે આવેલ આરડેકતા ઈન્સ્ટિટ્યૂટ માં વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે સેમિનાર યોજી કૉલેજ ના વિદ્યાર્થીઓ ને ભવિષ્ય ની પેઢી માટે અને વર્તમાન સમય ના જળવાયુ પ્રદૂષણ ના ભયાનક પરિણામો થી બચવા માટે, પર્યાવરણ સુરક્ષા-વૃક્ષ સંવર્ધન માટે વિવિધ જાતના પારંપરિક વૃક્ષો નો ઉછેર અને તેની વ્યાપક ઉપયોગિતા અંગે સમજણ આપવામાં આવી હતી. વર્ષ ૨૦૧૫ થી માન.માજી મુખ્ય મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ ના હસ્તે " 'આનંદ વડ" ના શ્રી ગણેશ સાથે શરુ કરાયેલ પર્યાવરણ સુરક્ષા અભિયાન ને આગળ વધારતાં વર્તમાન માન.મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા "દાદા નો વડ" અને માન. આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેષભાઈ પટેલ દ્વારા"ઋષિ વડ'નું રોપાણ કરવામાં આવ્યું હતું. સંસ્થા માં વિવિધ અભ્યાસક્રમો માં ઉમરગામ થી અંબાજી પટ્ટી ના ૩૦૦૦ જેટલા આદિવાસી વિદ્યાર્થીઓ વન અને વૃક્ષો સાથે જન્મ થી જ જોડાયેલા હોઈ, અભ્યાસ ની સાથે દસ હજાર જેટલા વૃક્ષો નું સંવર્ધન કરવામાં આવેલ છે.તેમજ આદિવાસી-ગ્રામ્ય વિસ્તાર ના મોટી સંખ્યા માં ઉચ્ચ ટેક્નિકલ, મેડિકલ, નર્સિંગ, સાયન્સ,સ્પોર્ટ્સ તથા તાલિમી શિક્ષણ લઈ રહેલ વિદ્યાર્થીઓ અને સંસ્થા સંચાલક આર.ડી.પટેલના કાર્ય ને બિરદાવ્યું હતું.

ધાનેરામાં એજ્યુશન ફાઉન્ડેશન તેમજ ક્રિષ્ના સ્ટડી સેન્ટર ચલાવતા પારસ સોની વિદ્યાર્થીની સાથે દુષ્કર્મ અને ગર્ભપાત કરવાના ગુનામાં ઝડપાતા ચકચાર...

મા સરસ્વતીના ધામને કલંકિત કરતો બનાવ બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં બહાર આવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ના સંવાદદાતા ભરતબી.પરમાર નો અહેવાલ જણાવે છે કે, આજે યુવતી પર દુષ્કર્મ તેમજ ગર્ભપાત કરાવવા માટે બળજબરીથી દવાઓ આપવા બાબત નો ગુનો નોંધાયો છે ત્યારે પોલીસે પારસ સોનીના ને જેલના સળિયા પાછળ ધકેલી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.ધાનેરા માં નારી સશક્તિકરણ તેમજ એજ્યુકેશન ફાઉન્ડેશન અને સેવાના નામે મોટી મોટી વાતો કરનાર પારસ સોની ની પાપલીલા આજે બહાર આવી છે. પારસ સોની એક યુવતીને લગ્નની લાલચ આપી ધાનેરા ની હોટલ શિવ પેલેસ સહિત ગુજરાતનીઅનેક હોટેલોમાં તેની સાથે દુષ્કર્મ આચર્યું છે. આ સમગ્ર બાબતને લઈ યુવતીએ ધાનેરા પોલીસ મથકમાં ગુનો નોંધાવતા ધાનેરા પોલીસે પારસ સોની ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ પારસ સોની જે ફાર્માસિસ્ટ લાયસન્સ ધરાવે છે અને તેનું ફાર્મસીસ્ટ નું લાયસન્સ ધાનેરાની મેડિકલમાં ભાડે આપી તેમજ ફાર્માસિસ્ટ લાઈસન્સ નો દુરુપયોગ કરી ગેરકાયદેસર ગર્ભપાતની ગોળીઓ યુવતીને આપી હોવાનો યુવતીએ આક્ષેપ લગાવ્યો છે. પારસ સોની અગાઉ પણ અનેકવાર યુવતીઓ સાથે ઝડપાતા લોકોએ મેથીપાક પણ ચખાડ્યો હતો .પારસ સોનીને ઉચ્ચ અધિકારીઓ તેમજ રાજકીય નેતાઓ સાથે ફોટા પડાવવા સોશિયલ મીડિયામાં પોતાની આગવી ઓળખ બનાવવા માટે ખૂબ જ તત્પર રહે છે. પરંતુ આજની આ કરતૂત તેના તમામ કાળા કામો પરથી પરદો હટાવી દીધો છે. નારી સશક્તિકરણની મોટી મોટી વાતો તેમજ નારીનું સન્માન બાબતે ખૂબ જ સારું ભાષણ આપનાર પારસ સોની ની પાપલીલા આજે જાહેર થઈ ગઈ છે. તારે ધાનેરા વાસીઓ પણ આ પારસ ની સામે ફિટકાર વરસાવી રહ્યા છે. સમગ્ર બાબતે ધાનેરા પોલીસે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

જન્મદિને વધામણી

સુજલ શૈલેષકુમાર ભાટિયા
બાયડ જી.અરવલ્લી

વડાલી જીનીંગના શંકાસ્પદ કપાસના બિયારણનો મામલો, તંત્ર માત્ર કોર્ટ કેસ કરી મામલો થાળે પાડવાની ફીરાકમાં

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૮

વડાલીની ચાર જીનીંગ એન્ડ પ્રોસેસીંગ યુનીટમાંથી ૧૮ હજાર કિલો ગ્રામ શંકાસ્પદ કપાસ બિયારણનો જથ્થો ઝડપાયા પછી ૨૫ સેમ્પલ આર.પી.એ.ડી.થી જિલ્લા કચેરીને સરકારી લેબ દ્વારા મોકલાયાની ગરમગરમ લોકચર્ચા વચ્ચે સેમ્પલ પરીક્ષણમાં નિષ્ફળ ગયાનું અનુમાન છે અને સક્ષમ અધિકારી દ્વારા સેમ્પલ ફેઈલ ગયા હોય તો જો જવાબદારો સામે પોલિસ કેસ કરવામાં નહિ આવે તો કેટલાંક ખેડુતોએ કોર્ટમાં જવાની તૈયારીઓ શરૂ કરી છે. તંત્ર દ્વારા માત્ર કોર્ટ કેસ કરી મામલો થાળે પાડી દેવાની સાજીશ રચાયાની જોરદાર ચર્ચાઓ ચાલી રહી છે. જ્યારે વિભાગના અધિકારી દ્વારા હજુ સુધી આર.પી.એ.ડી.થી સેમ્પલ મળ્યા ન હોવાનું જણાવ્યું છે.

સેમ્પલ ફેઈલ ગયાના રીપોર્ટ આવ્યા પછી પોલિસ ફરીયાદ નહિ થાય તો તંત્રને કોર્ટમાં લઈ જવાની કેટલાંક ખેડુતોની તૈયારી

રાજયમાં કપાસના બોગસ બિયારણનો વેપલો ફૂલ્યોફાલ્યો છે. તળીયાથી ટોચ સુધી ખેતી વિભાગમાં ભ્રષ્ટાચાર ચાલતો હોવાના કારણે ખેડુતોને છેતરનારાઓને ફાવતું મળી ગયું છે. પરંતુ ગત તા.૧૦, મેના રોજ સાબરકાંઠાના વડાલીની ચાર જીનીંગ યુનીટમાં શંકાસ્પદ કપાસ બિયારણ તૈયાર થતું હોવાની બાતમી કે પછી અન્ય કોઈ કારણોસર સ્ટેટ અને જિલ્લા ખેતી વિભાગની ટીમોએ ઓચિંતો છાપો મારી અંદાજીત ૩ કરોડથી વધુની કિંમતનો શંકાસ્પદ કપાસ બિયારણનો જથ્થો સીઝ કર્યો હતો. ત્યાર બાદ ૩૬ સેમ્પલ લઈ તેમાં પ્રતિબંધિત ૪-જી, ૫-જી બિયારણ છે કે કેમ? તેની તપાસ માટે સેમ્પલ ગાંધીનગર ખેતી વિભાગની સરકારી લેબમાં મોકલવામાં આવ્યા હતા. જ્યારે જીનર્સ દ્વારા સેમ્પલનો રીપોર્ટ જાહેર થાય તે અગાઉ અનેક કીમીયા અપનાવ્યાની પણ લોકચર્ચા ચાલી હતી ત્યાં લેબમાંથી ૨૭ જેટલા સેમ્પલના રીપોર્ટ જિલ્લા કચેરીને મોકલાયા છે અને તેમાંથી ૨૫ સેમ્પલ ફેઈલ હોવાની ચર્ચાઓ વચ્ચે ત્રણ દિવસ થવા છતાં સેમ્પલ ગાંધીનગરથી હિંમતનગર પહોંચ્યા નથી અને આ મામલો પણ કોઈને કોઈ રીતે કોર્ટ કેસ કરી રફેદફે કરવાની સાજીશ પણ શરૂ થયાની ચર્ચા ઉઠતાં અનેક ખેડુતોમાં છુપોરોષ જોવા મળ્યો છે. બિયારણના સેમ્પલ પરીક્ષણમાં નિષ્ફળ ગયા હોય તો જવાબદાર જીનર્સ સામે પોલિસ ફરીયાદ થવી જોઈએ જેથી ખેડુતોને છેતરનારાઓનો સાચો આયનો બહાર આવી શકે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં તેજ પવન પછી રાત્રે પવન ફૂંકાતા પ્રજાને રાહત

બીજા દિવસ સવારે કાળા ડીબાંગ વાદળાની જમાવટથી પ્રજા મલકાઈ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૮

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પ્રિમોનસુન એક્ટીવીટી શરૂઆત દેખાતી હોય તે રીતે ગત રોજ દિવસ દરમ્યાન અસહ્ય બફારો અને ગરમી પછી મોડી રાત્રે ધૂળની ડમરીઓ ઉડાડતો તેજ પવન ફૂંકાતા પ્રજાને રાહત થઈ હતી. બીજા દિવસ સવારે કાળા ડીબાંગ વાદળાની જમાવટી પ્રજા મલકાતી જોવા મળી. જે રીતે પ્રિમોનસુન એક્ટીવીટીની શરૂઆત થઈ છે તેને લઈને ખેડુતોએ ખાતર-બિયારણની ખરીદીની તૈયારીઓ શરૂ કરી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અસહ્ય બફારા અને ગરમીમાંથી પ્રજાને ક્યારે છુટકારો મળે તેની રાહ જોઈને બેઠી છે. જ્યારે ખેડુતો માટે સમયસર ચોમાસુ શરૂ થાય અને ગતવર્ષની ખોટ સરભર થાય તેવી આશા રાખીને બેઠા છે. જિલ્લામાં અસહ્ય બફારા અને ગરમીના કારણે પ્રજા, પશુ-પંખી વિહવળ બનયા છે. ક્યાં બેસીએ અને ઠંડક મળે તેવી સ્થિતિ પેદા થઈ હતી. અનેક ઉમરલાયક લોકો અસહ્ય ગરમીના કારણે ગભરામણનો અનુભવ કરતા જોવા મળ્યા. સતત ગરમી પ્રકોપ હાવી રહેતા પ્રજામાં પણ દહેશતનો માહોલ ઉભો થયો હતો. ત્યારે હવામાન વિભાગે પ્રિમોનસુન એક્ટીવીટીની આગાહી કરી રાજ્યના અનેક વિસ્તારોમાં તા.૧૫ જુન પહેલા વરસાદની આગાહી કરી હતી. સૌરાષ્ટ્રના કેટલાંક વિસ્તારોમાં વાવાઝોડા સાથે એક થી ત્રણ ઈંચ વરસાદ વરસ્યા પછી જિલ્લામાં પણ ગતરોજ રાત્રિથી પવન સાથે ઠંડા પવન ફૂંકાવાની શરૂઆત થઈ. અસહ્ય ગરીમી અને બફારમાં પિસાતી પ્રજાને સુસવાટા મારતા પવનના કારણે રાહત થઈ હતી. જ્યારે બીજા દિવસે આકાશમાં કાળા ડીબાંગ વાદળોની જમાવટથી પ્રજામાં ચોમાસાના વહેલા આગમનની સંભાવનાથી ખુશાલી જોવા મળી હતી.

શ્રી કટલરી કરિયાણા મરચન્ટ સહકારી શરાફી મંડળી ના "રજત જયંતી મહોત્સવ" પ્રસંગે

મોડાસાના ચેરમેન પંકજભાઈ બુટાલાના ૭૩માં જન્મદિવસની ઉજવણી કરવામાં આવી

મોડાસા, તા. ૮

કાર્યક્રમની શરૂઆત મંગલાચરણ થી કરવામાં આવી ત્યારબાદ આદરણીય ઈસ્માઈલભાઈ દાદુએ સ્વાગત પ્રવચન કર્યું ત્યારબાદ મંચસ્થ મહેમાનોમાં બીપીનભાઈ આર. શાહ, ડો. અરુણભાઈ એન. શાહ, પિયુષભાઈ પટેલ, ભરતભાઈ પરમાર, ડો.મુકુંદભાઈ વી. શાહ તથા મંડળીના તેમજ એસોસીએશનના સૌ હોદ્દેદારશ્રીઓ નું ફુલછડીથી સ્વાગત કરવામાં આવ્યું. આ ઉપરાંત મંચની નીચે બિરાજેલ આમંત્રિત મહેમાનો નું મંડળીના મેનેજિંગ ડિરેક્ટર રમણભાઈ પ્રજાપતિએ ફુલછડીથી સન્માન કર્યું. ત્યારબાદ મંડળીના હૃદયસમ્રાટ ચેરમેન પંકજભાઈ બુટાલાનો ૭૩મો જન્મદિવસ કેક કાપીને તથા કેન્ડલ પ્રજ્વલિત કરીને ઉજવવામાં આવ્યો. તેમની સાથે સાથે મંડળી ના કર્મચારી હસમુખભાઈ પ્રજાપતિ નો પણ જન્મદિન હોઈ સાથે કેક કાપી. પંકજભાઈ નું સાલથી સન્માન કરવામાં આવ્યું તથા તેમના ઉપરનું સ્વરચિત કાવ્ય શ્રી મયુરભાઈ બુટાલાએ અર્પણ કર્યું. તથા જોય ભાવસારે તેમનો પેન્સિલ સ્કેચ ફોટો અર્પણ કર્યો. આ પ્રસંગમાં શ્રી ઈસ્માઈલભાઈ દાદુ ઉપર પણ એક કાવ્ય શ્રી મયુરભાઈ

બુટાલાએ અર્પણ કર્યું તથા પેન્સિલ સ્કેચ જોય ભાવસારે અર્પણ કર્યો.

આ પ્રસંગે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના પ્રમુખશ્રી ભરતભાઈ પરમાર સાહેબને ગુજરાત ગર્વ. દવારા સુંદર કામગીરી કરવા બદલ ગોલ્ડ મેડલ મળતા તેના માનમાં મંડળી તરફથી રૂપિયા ૧૧૦૦૦ નો ચેક અર્પણ કરવામાં આવ્યો તથા તેમનું શાલ અને પેન્સિલ સ્કેચ દ્વારા સન્માન કરવામાં આવ્યું.

ત્યારબાદ આ ત્રણે મહાનુભાવો ના પેન્સિલ સ્કેચ બનાવનાર એસોસીએશનના સભ્ય ના ૧૧ વર્ષના પુત્ર જોય ભાવસારનું ફુલછડી તથા રોકડ ઈનામનું કવર આપી સન્માનિત કરવામાં આવ્યો. મંચસ્થ મહેમાનો એ પોતાના વક્તવ્યમાં શ્રી પંકજભાઈ ને શુભેચ્છાઓ વ્યક્ત કરી. ત્યારબાદ સન્માનનો પ્રત્યુતર શ્રી પંકજભાઈએ આપ્યો. કાર્યક્રમનું આભાર દર્શન એમ.ડી. રમણભાઈ પ્રજાપતિ એ કર્યું.

આ કાર્યક્રમમાં એસોસીએશનના પ્રમુખ કિરીટભાઈ શાહ, ઉપપ્રમુખ નરેન્દ્રભાઈ શાહ મંત્રી મુકુન્દ શાહ સહમંત્રી મનીષ ભાવસાર ખજાનચી જયેશ ગાંધી મંડળીના વાઈસ ચેરમેન નવીનભાઈ શાહ,પંકજભાઈ ના ધર્મપત્ની પ્રતિમાબેન બુટાલા તથા એસોસીએશનના સલાહકાર બોર્ડના સભ્યશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ અને મંડળીના સૌ ડિરેક્ટરશ્રીઓ અને ભૂતપૂર્વ ડિરેક્ટરો કપલમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને ખૂબ માણ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન મુકુન્દ શાહ અને નરેશ શાહે કર્યું. ૧૧ વર્ષની નાની ઉંમરે વ્યક્તિઓના પેન્સિલ સ્કેચ બનાવવા એ ખૂબ અઘરી બાબત છે જેને જોય ભાવસારે આ કળા હસ્તગત કરી છે તે માટે તેને મંડળી તરફથી ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ આપવામાં આવી.

અરવલ્લી : મોડાસાને ખાડાનું બિરૂદ અપવાનાર પાલિકા હવે રખડતા ઢોર મામલે પણ ઘૂંટણિયે..! જુઓ ખૂંટિયાનો તાંડવ

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લામાં વિકાસના કામો ચાલી રહ્યા છે, પણ મોડાસા નગર પાલિકા વિસ્તારમાં પાલિકા ઈતિહાસમાં પ્રથમવાર ફેલ હોય તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. શહેરમાં ઠેર ઠેર ભૂગર્ભ ગટર લાઈનને કારણે ખાડારાજ જોવા મળી રહ્યું છે, જેથી શહેરીજનો તોબા પોકારી ઉઠ્યા છે. તો બીજી બાજુ ઉચ્ચ નેતાઓ પણ રખડતા ઢોરને લઈને ટકોર કરી ચૂક્યા છે, પણ પાલિકા રખડતા ઢોરના નિરાકરણ માટે સદંતર નિષ્ફળ નિવળ્યું હોય તેવા દ્રશ્યો ફરીથી સામે આવ્યા છે.

સળગતા સવાલો

રખડતા ઢોરને લઈને જો કોઈ દુર્ઘટના સર્જાય તો જવાબદારી કોણ લેશે..? રખડતા ઢોર મામલે યોગ્ય કાર્યવાહી કરવાની જવાબદારી પાલિકાની નથી કે શું..?

રખડતા ઢોર વચ્ચે ક્યાં સુધી લોકો જીવના જોખમે બહાર નિકળશે?

જ્યારે કોઈ વ્યક્તિ કહ્યામાં નથી હોતો ત્યારે ઉમપા ઢોર તરીકે આપતા હોઈએ છીએ, ત્યારે પાલિકા દ્વારા કેટલાય સમયથી રખડતા ઢોર મુદ્દે મૌન સેવ્યું છે ત્યારે પાલિકાને કઈ ઉપમા આપી શકાય તેવી લોકચર્ચાએ જોર પકડ્યું છે.

મોડાસા શહેરના ડીપ વિસ્તારમાં વહેલી સવારે ખૂંટિયાઓનું તાંડવ જોવા મળ્યું, બે ખૂંટિયા વચ્ચે રસ્તાની બરોબર વચ્ચે જંગ જામ્યો હતો, જેને લઈને વાહન ચાલકો પણ મુશ્કેલીમાં મુકાયા હતા. જંગ એવો જામ્યો કે, પાંચ મિનિટ સુધી લોકોના જીવ તાંડવે ચોંટી ગયા હતા, કારણ કે, કોઈપણ સમયે વાહન ચાલકને અડફેટે લઈ શકતા અથવા તો રાહદારી માટે પણ ખૂંટિયાઓ મુશ્કેલીનું કારણ બની શકતા હોત. થોડા દિવસ અગાઉ જુના પોલિસ સ્ટેશન નજીક પણ આવી જ રીતે બે ખૂંટિયાઓ

વચ્ચે ભારે જંગ જામી હતી, ભર બજારે રાત્રિના અરસામાં બે ખૂંટિયાઓનો જંગ જામતા લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો, ત્યારે ફરીથી આવી જ ઘટના સામે આવતા લોકોમાં રોષ વ્યાપી ગયો છે.

મોડાસા શહેરમાં રખડતા ઢોર મામલે રીઝનલ કમિશનરે પણ આ બાબતે ગંભીરતા દાખવી હતી, ત્યારબાદ પૂર્વ ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ પણ આ બાબતે ગંભીર નોંધ લીધી હતી, તેમ છતાં હજુ શહેરના કેટલાક વિસ્તારોમાં રખડતા ઢોરનો અસહ્ય ત્રાસ જોવા મળી રહ્યો છે.

રાજાની સાચી પરિભાષા

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....???

બાયડ તા.૮

રાજાશાહી હોય કે લોકશાહી દેશનો રાજા તો રાજા જ હોય છે!! હાલની લોકશાહીના પ્રમુખ નેતા એ એક પ્રકારે લોકશાહીમાં દેશના રાજા જ કહેવાય!! "રાજા" ની બહૂજ સુંદર વાતો આપણા શાસ્ત્રોમાં લખવામાં આવી છે... "રાજા" માટે તેનું પરિવાર એટલે રાષ્ટ્રની જનતા!! "રાજા" માટે કહેવાયું છે કે રાજા એક સામાન્ય વ્યક્તિની માફક અંગત સ્વાર્થ હેતુ જીવન જીવી જ નથી શકતો... દેશના રાજા માટે ગણી લાયકતો જોઈએ છતાંય ઓછામાં ઓછી ત્રણ લાયકાત તો તેમનામાં હોવી જ જોઈએ... ૧) રાજા ન્યાયી હોવો જોઈએ. ૨) રાજા પોતાની પ્રજાની સુરક્ષા અને સલામતી માટે કટિબદ્ધ હોવો જોઈએ... ૩) રાજા પોતાના ઉત્તરદાયિત્વની જવાબદારી યોગ્ય વ્યક્તિને આપે તેવો હોવો જોઈએ!!

ભૂતકાળનું આર્યવ્રત એટલે લગભગ આજનો એશિયા ખંડ અને તેમાં મહાભારતના પૂર્વાર્ધનો પ્રસંગ અત્રે લખું છું. દુષ્યંત પુત્ર રાજા "ભરત" કે જેમના નામ ઉપરથી આર્યવ્રતનું નામ પાછળથી આપણું "ભારત" પડ્યું તેમને નવ પુત્રો હતા પરંતુ તેમના ઉત્તરાધિકારી તરીકે નવ માંથી એકપણ પુત્રને ગાદી ના આપતા તેમણે હસ્તિનાપુરની ગાદી ઉપર પ્રજામાંથી એક યુવાનને પસંદ કરી "શાંતનું" નામના વ્યક્તિને ગાદી ઉપર બેસાડ્યો!! નારાજ રાજમાતાએ તેમને પ્રશ્ન કર્યો કે તું કેવો રાજા છે કે તારા નવ પુત્રને અન્યાય કરીને હસ્તિનાપુર રાજ્યની એક રાજગરાના બહારની વ્યક્તિને ગાદીએ બેસાડે છે??? પરાક્રમી "ભરત" રાજાનો જવાબ હતો..."હસ્તિનાપુર એક વિશાળ રાજ્ય છે હું માત્ર નવ પુત્રોનો પિતા નથી પણ હસ્તીનાપુરના તમામ પુત્રોનો હું પિતા છું...મેં લાયકાત વાળા મારા પુત્રને હસ્તિનાપુરની ગાદી સોંપી છે!!"

આ સોચ અને વિચાર આજથી ૫૦૦૦ વર્ષ પહેલાં પણ ભારતની રાજશાહીના રાજાઓમાં જોવા મળે છે એટલે "ભરત" જેવા રાજાઓનું ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે નામ લખાયું છે!! આજે લોકશાહીમાં પણ વારસાગત રાજાશાહી દેખાય છે જ્યારે ભારતમાં ત્યારે પણ રાજશાહીમાં લોકશાહીના દર્શન થતા હોય તેવા અનેક ઉદાહરણો છે... આજના રાજકીય પક્ષોનો અભ્યાસ કરીએ તો લાયકાત વગરના લોકો પરિવારવાદ ના નામે ચલાવવામાં આવે છે...આજે પણ ન્યાય માટે સમાનતાનું ધોરણ નથી...આજે દેશમાં "સમાન સિવિલ કોડ" બિલનો વિરુદ્ધ કરનારાઓને ન્યાયી કેમ કહેવા?? વ્યક્તિ વ્યક્તિએ , જાતિ જાતિએ અને સંપ્રદાય સંપ્રદાયે અલગ અલગ કાનૂન હોય તો દેશની જનતા માટે એક સમાન ન્યાય છે તેવું કઈ રીતે કહી શકાય??

દેશની સીમાડાએથી છીંડા પાડી દેશમાં ઘુસપેઠ કરીને દેશને અસુરક્ષિત કરનારાઓને છોડાવવા મથતા રાજનેતાઓમાં રાજા બનવાના લક્ષણો છે ખરા??? શુ આવા રાજાઓ જોડેથી દેશની સુરક્ષાની અપેક્ષા રાખી શકાય?? રાજા બનવા માટેની પ્રમુખ ત્રણ લાયકાતમાં ખરા ઉતરીને મોદીજીને પડકાર આપે તેવો કોઈ "રાજા" દેશના કોઈપણ ખૂણે કોઈને જોવા મળે તો તેમને જનતાએ ચોક્કસ સમર્થન આપવું જોઈએ!!મોદીજી ભલે સંપૂર્ણ ના હોય પણ કંઈક તો વિશેષ ખૂબી છે જ...મોદીજીમાં ત્રણેય ગુણો ભરપૂર છે તેવી ચેલેન્જ નથી કરતો પરંતુ એટલું તો ચોક્કસ થર્ડ અમ્પાયર બનીને કહી શકું કે વર્તમાન ભારત પાસે મોદીજી જેટલી લાયકાત મને તો બીજા કોઈપણ પક્ષના નેતામાં દેખાતી નથી... કારણ કે લગભગ દરેક પક્ષના પ્રમુખ હિંદૂ મુસ્લિમને ન્યાયના અલગ અલગ ત્રાજવામાં તોલે છે એટલે તેઓ ન્યાયી નથી, આતંકવાદીઓને છાવરે છે અથવા તેમને છોડાવવા ધમપછાડા પણ કરે છે એટલે જનતાની સલામતી માટે યોગ્ય નથી, લગભગ વિપક્ષમાં બેઠેલા તમામ પક્ષના પ્રમુખ નેતાઓમાં પરિવારવાદ છે એટલે રાષ્ટ્રને યોગ્ય ઉત્તરદાયિત્વ આપવામાં લાયકાત જોતા નથી એટલે કે ત્રણેય જરૂરી વિષયમાં તેઓ ઉણા ઉતરે છે.... તમે ખુદ તમારી રીતે અભ્યાસ કરી જુવો જવાબ તો આનો આજ આવશે...

સાબરકાંઠા જિલ્લાના જાણીતા સહકારી આગેવાન અને



ભારતીય જનતા પાર્ટી ના ગુજરાત રાજ્ય ના સહકાર ભારતીય.. સહકાર સેલ ગુજરાત રાજ્ય ના વાઈસ પ્રેસિડેન્ટ તેમજ સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન સાબરકાંઠા જિલ્લાની ટોચની વિવિધ સહકારી સંસ્થાઓ માં ડિરેક્ટર પદે સેવા આપતા મહેશભાઈ અમીચંદભાઈ પટેલ ને પુનઃ ગુજરાત રાજ્ય માર્કેટિંગ ફેડરેશન ગુજકોમાલ ના ડિરેક્ટર પદે બિનહરીફ વરણી થતાં સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં આને સહકારી આલમમાં આનંદની લાગણી વ્યાપી જવા પામી છે.

શાળાઓ ખૂલવાને આડે માત્ર ૪ દિવસ બાકી

જિલ્લાના સ્ટેશનરી બજારોમાં પાઠ્યપુસ્તકોની અછત : મોંઘવારીનો માર દેખાયો.....

સરકારી શાળાઓને પાઠ્યપુસ્તક મળવામાં વિલંબ થયો : ખાનગી સાહિત્યમાં ૧૫ થી ૨૦ ટકાનો તોતિંગ ભાવ વધારો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૮

કોરોનાના દેશવટા પછી હવે આગામી તા.૧૩ જૂનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે પરંતુ જિલ્લાના સ્ટેશનરી બજારોમાં અનેક ધોરણ તેમજ વિષયોનાં પાઠ્યપુસ્તકોની અછત સામે આવી છે જેથી આગોતરી તૈયારી કરનારા વિદ્યાર્થીઓ નિરાશ થયા છે. સરકારી શાળાઓને એપ્રિલ-મે મહિના દરમ્યાન પાઠ્યપુસ્તકો મળતા હતા પરંતુ મે. મહિનો પૂરો થવા આવ્યો પરંતુ પાઠ્યપુસ્તક મંડળો દ્વારા શાળા સુધી પુસ્તકો પહોંચાડવા નથી. જ્યારે ખાનગી સાહિત્યના ભાવમાં ૧૫ થી ૨૦ ટકાનો વધારો થતાં ભણતર મોંઘુ થવાની સાથે પાઠ્યપુસ્તકની અછત વાલીઓને અનેક રીતે પજવી રહી છે.

પાછલા ૨૬ મહિના દરમ્યાન કોરોનાના કારણે અનેક ધંધા-રોજગાર ઉપર સંકટ મંડરાયું. જ્યારે અભ્યાસક્રમ માટે પાઠ્યપુસ્તકો અનિવાર્ય હોય છે પરંતુ પાછલા છ મહિના દરમ્યાન કાગળના ભાવમાં તોતિંગ વધારો થતો રહ્યો જેથી પાઠ્યપુસ્તકોનું પ્રિન્ટીંગ પણ માં કરવાની નોબત આવી છતાં રાજ્ય સરકાર દ્વારા સરકારી શાળાઓમાં પાઠ્યપુસ્તકો મફત આપવાની યોજનાના કારણે વાલીઓને આ વર્ષે પણ રાહત થશે. પરંતુ જાણવા મળ્યા મુજબ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના સ્ટ